**<u>અમદાવાદ(ગ્રામ્ય)ના મે. આઠમાં એડી. સીવીલ જજ તથા જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,</u>**
**<u>મુ. નવરંગપુરા, અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં. 8669/2025</u>**

**ફરિયાદીઃ** **શ્રી સરકાર**

વિરુધ્ધ

**આરોપીઃ** **અમિતકુમાર મનસુખભાઇ ગજ્જર**

**<u>ગુન્હોઃ બી.એન.એસ.ની કલમ ૨૮૫ તથા એમ.વી. એકટની કલમ ૧૮૧ મુજબ</u>**

**:: ચુકાદો ::**

(૧) સદરહું કામના આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ ૨૮૫ તથા એમ.વી. એકટની કલમ ૧૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઇન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી તેઓ સામે પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઇએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઇ અંગે આરોપી માહિતગાર હોવા છતાં ગુનો કબુલાત કરવા ઇચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજુઆતો તેમજ સ્વેચ્છાપૂર્વકની કબુલાત જણાતી હોય તેમજ કેસના સંજોગો ધ્યાનમાં લઇ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુ ક મ</u> ::-**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૨ અન્વયે બી.એન.એસ.ની કલમ ૨૮૫ તથા એમ.વી. એકટની કલમ ૧૮૧ ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને **રૂ. ૫૦૦/-(અંકે પાંચ સો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે

મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ માલીકીની યોગ્ય ખરાઇ કરી મુળ માલીકને સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૦૮મી, માહે માર્ચ સને ૨૦૨૫ નાં રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. - ૦૮/૦૩/૨૦૨૫
સ્થળ - અમદાવાદ

**(સી.કે.રાઠોડ)**
૮માં એડીશનલ સિવિલ જજ અને
જ્યુડી.મેજી.ફ.ક. અમદાવાદ(ગ્રામ્ય)